# યુવાને ૯.૪૨ અને યુવતીએ ૧૨.૧૧ મિનિટમાં ઓસમ ડુંગરને સર કર્યો

## ''ખેલશે ગુજરાત – ખીલશે ગુજરાત'' અંતર્ગત છઠ્ઠી ઓસમ આરોહણ-અવરોહણ સ્પર્ધા સંપન્નઃ વિવિધ જિલ્લાઓમાંથી ૪૨૩ સ્પર્ધકોએ ભાગ લઈ પોતાનું કૌવત દર્શાવ્યુ




રાજકોટ

તા. ૨ જાન્યુઆરીઓસમ ડુંગરની ગોદમાં જાન્યુઆરીની કડકડતી ઠંડી વચ્ચે વહેલી સવારે ઉમંગ અને ઉત્સાહભર્યા માહોલમાં રાજયકક્ષાની છઠ્ઠી ઓસમ આરોહણ-અવરોહણ સ્પર્ધા સફળતાપૂર્વક યોજાઈ હતી. યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તથા રાજકોટ જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ સ્પર્ધાનું ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયાએ લીલી ઝંડી બતાવી ઉદ્ઘાટન કર્યું હતું.આ સ્પર્ધામાં રાજયના વિવિધ જિલ્લાઓમાંથી ૪૨૩ સ્પર્ધકોએ ભાગ લઈ પોતાનું કૌવત દર્શાવ્યું હતું. ભાઈઓની સ્પર્ધામાં મારવાણીયા વિહારએ ૯.૪૨ મિનિટમાં સ્પર્ધા પૂર્ણ કરી પ્રથમ સ્થાન મેળવ્યું હતું, જ્યારે બહેનોમાં બાવળીયા ત્રિશાએ ૧૨.૧૧ મિનિટમાં સ્પર્ધા પૂર્ણ કરી વિજેતા બન્યા હતા. કુલ ૨૦ વિજેતા સ્પર્ધકોને રાજ્ય સરકાર દ્વારા રૂ. ૨.૩૪ લાખના ઈનામો, ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. પાટણવાવ સ્થિત ઓસમ ડુંગર પર આવેલ માત્રી માતાના મંદિરથી ટપકેશ્વર મહાદેવ થઈ તળેટી સુધીની આ આરોહણ-અવરોહણ સ્પર્ધાએ ખેલાડીઓની સહનશક્તિ, ફિટનેસ અને મનોબળની કસોટી લીધી હતી.સ્પર્ધામાં પ્રથમથી દસમો ક્રમ મેળવનાર ખેલાડીઓને રૂ.૨૫ હજારથી રૂ.૧૦ હજાર સુધીના ઈનામો આપી કુલ રૂ.૨.૩૪ લાખનું વિતરણ કરવામાં આવ્યું હતું. સ્પર્ધાનું સંચાલન હારૂનભાઈ વિહળે કર્યું હતું.આ પ્રસંગે ઉપલેટાની કોલેજના ફિઝિકલ એજ્યુકેશન પ્રોફેસર બુટાણી અને ફિટનેસ કોચ પેથાણીનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ પાટણવાવ ગામના અગ્રણી રાજુભાઈ પેથાણી દ્વારા વિજેતા ખેલાડીઓને રૂ.૫૧ હજારની રકમથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# ગોંડલના મોટા મહિકામાં વિજ્ઞાન જાથા દ્વારા કેમ્પમાં જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો



રાજકોટ,

રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના મોટા મહિકા ગામમાં આર. આર. મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજની છાત્રાઓના એન.એસ.એસ. કેમ્પ માં ગ્રામજનોમાં અંધશ્રદ્ધા દૂર કરવાનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો.

કાર્યક્રમનું વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદ્ઘાટને ગામના સરપંચ રમેશભાઈ વિરડીયા, પ્રોગ્રામ ઓફિસર ડો. પી.એમ. સખીયા, પ્રિન્સીરપાલ એમ. એલ. બાલધા, સતીષભાઈ વસોયા, સાગરભાઈ વિરડીયા, પી.એસ.આઈ. સોલંકીની હાજરીમાં કરવામાં આવ્યું હતું. જાથાના રાજય ચેરમેન-એડવોકેટ જયંત પંડયાએ છાત્રાઓ, ગ્રામજનોને સંબોધતા જણાવ્યું વિજ્ઞાન દ્રષ્ટિકોણ સર્વગ્રાહી લાભદાયી છે. માનવીના ઉત્થીનમાં વિજ્ઞાનનો પાયો જ કામ આવે છે. વિજ્ઞાન વિના માનવી પાંગળો બની જાય છે. પ્રત્યેક ક્ષણે વિજ્ઞાનનો ઉપયોગ કરવો પડે છે. ધર્મ-આધ્યાત્મિક, ઈતિહાસ, શ્રધ્ધા-સંસ્કતિના ગાવણા વાગોળવાથી દેશની પ્રગતિ થવાની નથી. પુરૂષાર્થ, વાસ્તાવાદ, રાષ્ટ્રેવાદ, માનવ ધર્મને અનુસરવું જોઈએ. તકે સુરત સત્ય શોધક સભાના પૂર્વ પ્રમુખ સિધ્ધાર્થભાઈ દેગામીએ મુંજાવરની વેશભૂષામાં પ્રયોગ નિદર્શન કરી ગ્રામજનોને મંત્રમુગ્ધ કર્યા હતા.

જાથાના રોમિત રાજદેવ, અંકલેશ ગોહિલ, સાહિલ રાજદેવ, રવિ પરબતાણી, સિધ્ધાર્થ દેગામી સુરત, ભાનુબેન ગોહિલ પ્રયોગમાં ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન રમેશભાઈ વિરડીયા, ડો. પી. એમ. સખીયાએ કર્યું હતું. ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. સોલંકી, પોલીસ કર્મીઓ હાજર રહી બંદોબસ્ત જાળવ્ય હતો. તેમ ભારત જન વિજ્ઞાન જાથા (મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯)ની યાદીમાં જણાવાયુ છે.

# રાજકોટના શ્રી રણછોડદાસજી બાપુ આશ્રમ દ્વારા વિકલાંગો માટે વિનામુલ્યે કેમ્પ યોજાશે

રાજકોટ,

પૂ.શ્રી રણછોડદાસજી બાપુ આશ્રમ (સદગુરૂ સદન ટ્રસ્ટ) રાજકોટ દ્વારા વિકલાંગ બાળકો, યુવાનો અને વૃધ્ધો તથા જન્મ જાત ખોડખાંપણ ધરાવતા લોકો માટે તા. ૨૪-૧-૨૦૨૬ના શનિવારે નિઃશુલ્ક સારવાર તથા ઓપરેશન કેમ્પધ યોજવામાં આવેલ છે. પતિત પાવન ભગવાનશ્રીની જન્મ જયંતિ નિમિતે યોજેલ આ કેમ્પમાં સરકાર તરફથી વિકલાંગતાનું પ્રમાણપત્ર મળેલ હોય તેવા લોકોને હાથ, પગ વિગેરે અંગોનું મફત ઓપરેશન કરી અપાશે. જેમાં સુરતના પ્રખ્યાત ડો. મનોજભાઇ પટેલ સેવા આપશે.

વિકલાંગતા તથા ખોડખાપણ ધરાવતા લોકોને રાજકોટ સદગુરૂ આશ્રમ ખાતે તપાસ કરી ઓપરેશન માટે સુરત ખાતે લઈ જઈ મફત ઓપરેશન કરી અપાશે. ત્યાં રહેવા, જમવા સહીતની સુવિધા પણ વિનામુલ્યે પુરી પાડવામાં આવશે. રાજકોટ શહેર કે આસપાસના ગામોના દિવ્યાંગ કે જન્મધ જાત વિકલાંગતાની ખોડ ધરાવતા લોકોએ કેમ્પનો લાભ લેવા અનુરોધ કરાયો છે. આ માટે વિકલાંગતા પ્રમાણપત્ર સાથે તા. ૨૪ જાન્યુઆરીના કેમ્પના સ્થળ શ્રી રણછોડદાસજી આશ્રમ, રાજકોટ ખાતે સવારે ૯ વાગ્યે ઉપસ્થિત થવાનું રહેશે. દર્દીઓ પોતાના નામ અગાઉથી નોંધાવવા મો.૯૫૮૬૩ ૦૮૧૭૮ અથવા મો.૮૪૬૦૯ ૨૮૫૦૮ ઉપર સંપર્ક કરવા સદગુરૂ સદન ટ્રસ્ટ રાજકોટની યાદીમાં જણાવાયુ છે

# રાજકોટમાં બજરંગ ગૃપ દ્વારા ચકલીના માળાનું વિતરણ



રાજકોટ,

રાજકોટ બજરંગ ગૃપ ઓફ રાજકોટ સીટી દ્વારા નિઃશુલ્ક ચકલીના માળા, ચણ માટેના ફીડર, પાણીના કુંડા, તુલસીના રોપાનું નિઃશુલ્ક વિતરણ નરેશભાઇ વિઠલાણી, કમલેશભાઇ વોરાના હસ્તે કરાયું હતું.

# રાજકોટ કલેકટર કચેરીની બાલવાટિકામાં હેલ્પરની ભરતી માટેની પ્રક્રિયા શરૂ

રાજકોટ, રાજકોટ કલેક્ટર કચેરી ખાતે સરકારી અધિકારીઓ અને કર્મચારીઓના બાળકોની દેખરેખ માટે શરૂ કરાયેલી બાલવાટિકામાં હેલ્પરની ખાલી જગ્યા ભરવા માટેની ભરતી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

આ જગ્યા માટે યોગ્યા લાયકાત અને અનુભવ ધરાવતી મહિલા ઉમેદવારો પાસેથી રિઝ્યુમ મંગાવવામાં આવ્યાા છે. આ જગ્યા માટેની શરતો મુજબ ઉમેદવાર ઓછામાં ઓછું ધોરણ ૧૦ પાસ હોવા જોઈએ, બાળકોની દેખરેખનો પૂર્વ અનુભવ હોવો જરૂરી છે. સ્વભાવે સંયમી, જવાબદાર અને વિશ્વસનીય હોવાની સાથે બાળકો પ્રત્યે પ્રેમભર્યું વર્તન કરી શકે તેવા હોવા જોઈએ. જરૂર પડ્યે કાર્યસમય મુજબ પોતાની ફરજ બજાવવાની રહેશે. ઉમેદવારોએ પોતાના રિઝ્યુમમાં નામ, સરનામું, સંપર્ક નંબર અને અનુભવ સહિતની તમામ વિગતો દર્શાવવાની રહેશે. રસ ધરાવતા ઉમેદવારોએ ૧૦ જાન્યુઆરી સાંજે ૬:૦૦ કલાક સુધીમાં પોતાની અરજી કલેક્ટ્ર કચેરીની ખાસ શાખા ખાતે જમા કરાવવાની રહેશે, તેમ રાજકોટ શહેર-૧ પ્રાંત અધિકારી અને બાલવાટિકા સમિતિના અધ્યક્ષની યાદીમાં ઉમેરાયુ છે

# એનએસઈએ રાજકોટમાં રોકાણકાર જાગૃતિ કાર્યક્રમનું કર્યુ આયોજન

## નાણાકીય સાક્ષરતાને પ્રોત્સાહન આપવા, જવાબદાર રોકાણને પ્રોત્સાહન આપવા અને સમગ્ર પ્રદેશમાં રોકાણકારોની જાગૃતિને મજબૂતે બનાવવાનો ઉદ્દેશ્ય



રાજકોટ :

નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા (NSE) એ આજે ગુજરાતના રાજકોટમાં રોકાણકાર જાગૃતિ કાર્યક્રમ (IAP)નું આયોજન કર્યું હતું, જેનો ઉદ્દેશ્ય નાણાકીય સાક્ષરતાને પ્રોત્સાહન આપવા, જવાબદાર રોકાણને પ્રોત્સાહન આપવા અને સમગ્ર પ્રદેશમાં રોકાણકારોની જાગૃતિને મજબૂત બનાવવાનો હતો.

દ્ગજીઈ ના સ્ઙ્ઘ અને ઝ્રઈ઼ શ્રી આશિષકુમાર ચૌહાણે જણાવ્યું હતું કેઃ "ગુજરાતમાં વધતા રોકાણકારોના આધારને ધ્યાનમાં રાખીને, રોકાણકારોની જાગૃતિ એ સૌથી મજબૂત પાયો છે. દ્ગજીઈ ખાતે, અમે માનીએ છીએ કે જાણકાર રોકાણકારો લાંબા ગાળાની નાણાકીય સંપત્તિ નિર્માણમાં ફાળો આપતા વધુ સારા નિર્ણયો લે છે. આ રોકાણકાર જાગૃતિ કાર્યક્રમ જેવી પહેલ દ્વારા, અમે નાગરિકોને સચોટ માહિતી સાથે સશક્ત બનાવવા, તેમને છેતરપિંડી પ્રત્યે ચેતવણી આપવા અને ભારતની વિકાસગાથામાં સુરક્ષિત રીતે ભાગ લેવામાં મદદ કરવાનો ઉદ્દેશ્ય રાખીએ છીએ."આ કાર્યક્રમમાં નવા અને હાલના રોકાણકારો, વ્યાવસાયિકો અને વિદ્યાર્થીઓનો ઉત્સાહપૂર્ણ સહયોગ જોવા મળ્યો. આ પહેલ રોકાણકારોની નાણાકીય સુખાકારી માટે નાણાકીય રીતે માહિતગાર અને સ્થિતિસ્થાપક રોકાણકાર ઈકોસિસ્ટમ બનાવવાના દ્ગજીઈના રાષ્ટ્રવ્યાપી પ્રયાસોનો એક ભાગ છે.

જાગૃતિ દ્વારા રોકાણકારોને સશક્ત બનાવવું- નવું વર્ષ નવી શરૂઆત અને સ્માર્ટ નાણાકીય પસંદગીઓનું પ્રતીક છે. સત્રની શરૂઆત નાણાકીય અને સિક્યોરિટીઝ બજારોને સમજવાથી થઈ હતી, જેમાં વ્યક્તિગત ધ્યેયો અને જોખમ લેવાની ક્ષમતા, રોકાણકારોના અધિકારો અને જવાબદારીઓ, ફરિયાદ નિવારણ પદ્ધતિઓ, છેતરપિંડી અને કૌભાંડ નિવારણ વગેરેના આધારે યોગ્ય નાણાકીય ઉત્પાદનો પસંદ કરવાના મહત્વ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. સત્રમાં આજના ઝડપથી વિકસતા નાણાકીય બજારોમાં જાગૃતિ, સાવધાની અને જાણકાર નિર્ણય લેવાના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

# રાજકોટમાં ગ્રાહક સુરક્ષા સપ્તાહ સમાપનમાં ટ્રાફિક, સાયબર ક્રાઈમ અંગે માર્ગદર્શન અપાયું

## કાર્યક્રમમાં પોલીસ અને કોર્પોરેશનના અધિકારીઓએ નાગરિકોને જાગૃત કર્યા



રાજકોટ,

ગ્રાહક સુરક્ષા સંગઠન રાજકોટ દ્વારા પ્રમુખ પ્રનંદભાઈ કલ્યાણીના નેતૃત્વમાં 'રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા સપ્તાહ' નો સમાપન સમારોહ ત્રિકોણબાગ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં નાગરિકોને ટ્રાફિક, સાયબર ક્રાઈમ અને ખાદ્ય સુરક્ષા અંગે મહત્વનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ટ્રાફિક પી.એસ.આઈ. ભાગોરા, સાયબર ક્રાઈમના પી.એસ.આઈ. એસ.વી. ભાષાણી તથા મૌનીકભાઈ ટંકારીયા અને મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ સેફટી ઓફિસર સી.ડી. વાઘેલાએ ઉપસ્થિત રહીને જનતાને કાયદાકીય માહિતી અને જાગૃતિ અંગે માર્ગદર્શન આપ્યું હતું. ખાસ કરીને ફૂડ વિભાગની ફૂડ સેફટી ઓન વ્હીલ્સ વાન દ્વારા ખાદ્ય સામગ્રીમાં ભેળસેળ અંગેનું લાઈવ ડેમોન્ટ્ર શન કરવામાં આવ્યું હતું.

આ તકે રાજકોટ જિલ્લાવ ગ્રાહક સુરક્ષા મંડળના અધ્યક્ષ યશવંતભાઈ જનાણીનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં રાજુભાઈ બારૈયા, નીતિનભાઈ નથવાણી, ભાગ્યેવશભાઈ વોરા અને યશભાઈ રાઠોડ પિયુષભાઈ પટેલ, સાવનભાઈ ભાડલીયા, ધીમંતભાઈ કલ્યાણી, મનોજભાઈ હાજર રહ્યા હતા અંતમાં આભારવિધિ દિપકભાઈ કલ્યાણીએ કરી હતી.

કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રમુખ પ્રનંદભાઈ કલ્યાણી સાથે ગોપીભાઈ પટેલ, ધર્મેશભાઈ જીવાણી, મનીષભાઈ પટેલ, હિરેનભાઈ કલ્યાણી, અશ્વિનભાઈ પટેલ, જહેમત ઉઠાવી હતી.

# રાજકોટમાં સનાતન અન્નક્ષેત્ર ગૌ શાળા ટ્રસ્ટ દ્વારા સર્વજ્ઞાતિ સમૂહલગ્નોત્સવનું આયોજન

રાજકોટ,


સનાતન અન્નક્ષેત્ર ગૌ શાળા ટ્રસ્ટ રાજકોટ દ્વારા ૯ મી વખત સર્વજ્ઞાતિ સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે ટ્રસ્ટ દ્વારા આગામી તા.૧૬ ફેબ્રુઆરીને સોમવારના રોજ સર્વજ્ઞાતિ સમૂહલગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમૂહલગ્નોત્સવ ૐ કાલેશ્વર મંદિર, સ્વાતિ પાર્ક, સ્વાતિ ગૌશાળાની સામે, કોઠારીયા મેઈન રોડ, રાજકોટ ખાતે યોજાશે.


આ સમૂહલગ્નોત્સવમાં ૧૨ દીકરીઓ પ્રભુતામાં પગલા માંડશે. તમામ દીકરીઓને જીવન જરૂરિયાતની તમામ વસ્તુઓ કરિયાવરમાં આપવામાં આવશે. આ તકે લગ્ન સ્થળ પર નિઃશુલ્ક મેડિકલ કેમ્પ પણ રાખવામાં આવેલ છે. વધુ માહિતી માટે ટ્રસ્ટના પ્રમુખ જીણાભાઈ બોરીચા (મો.નં.૮૨૩૮૨ ૨૨૨૦૦) નો સંપર્ક કરવાનો રહેશે.

આયોજનને સફલ બનાવવા જીણાભાઈ બોરીચા, બળદેવભાઈ ગોંડલીયા, ભગુભાઈ મીયાત્રા, વૃંદાબેન પટેલ, કાજલબેન ગોંડલિયા, આશાબેન, જયશ્રીબેન પીઠડીયા અને નિર્મલાબેન સોલંકી જહેમત ઉઠાવી રહ્યા છે.

# સરગમ ક્લબના ઉપક્રમે સરગમ ભવનમાં વિવિધ પ્રવૃતિઓનો લાભ લેવા સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા અનુરોધ

## ડ્રોઈંગ – ગીટાર- તબલા – હાર્મોનિયમ- કથક – વેસ્ટર્ન ડાન્સ- ઓર્ગન તેમજ બહેનો, બાળકો અને વડીલો માટે કમ્પ્યુટર ક્લાસીસ ચલાવવામાં આવે છે





રાજકોટ

સરગમ ક્લબ ના ઉપક્રમે જામટાવર રોડ ઉપર જી.ટી.શેઠ હોસ્પિટલ ની સામે સરગમ ભવન માં કલા મંદિર ના વર્ગો ચાલે છે જેનો સમય બપોરના ૪:૦૦ થી રાત્રિ ના ૮:૦૦ સુધી જેમાં ડ્રોઈંગ – ગીટાર- તબલા – હાર્મોનિયમ- કથક – વેસ્ટર્ન ડાન્સ- ઓર્ગન વગેરે ક્લાસીસ નામાંકિત ટીચર્સ દ્વારા શીખવવામાં આવે છે અને તમામ વિષય માં ટોકન ચાર્જ લેવામાં આવે છે આ ક્લાસીસમાં નાના મોટા બધા કાર્યરત છે તેમજ આમાં સરકારી પરીક્ષા લેવામાં આવે છે અંતરમાં પ્રશન્નતા અને આનંદ પ્રગટાવવાનો પ્રયત્ન સરગમ ક્લબ કરે છે તેમજ બહેનો, બાળકો અને વડીલો માટે કમ્પ્યુટર ક્લાસીસ ચલાવવામાં આવે છે તેમાં જુદા જુદા કોર્ષોની તાલીમ આપવામાં આવે છે અને તેની પરીક્ષા લેવા માં આવે છે ઉપરાંત આ બિલ્ડિંગ માં બહેનો માટે લેડિઝ હેલ્થ ક્લબ ચાલે છે જેમાં યોગા – એરોબિક્સ – મશીન થી નિષ્ણાંત લેડિઝ ટીચર દ્વારા શિખડાવવામાં આવે છે ઉપરાંત બહેનો માટે સવાર અને સાંજ બંને ટાઈમ નિષ્ણાંત લેડિઝ ટીચર દ્વારા શિવણ ક્લાસ ચાલે છે આ તમામ ક્લાસીસ માટે રૂબરૂ મળવા જઈ શકો છો. ફોન નં. ૦૨૮૧-૨૪૫૭૧૬૮ તેમજ ત્યાં આગળ સરગમ ભવન ના ઈન્ચાર્જ કૈલાશ બેન વાળા મો.નં. ૮૪૬૦૦ ૩૪૨૨૮ નો સંપર્ક કરી શકો છો. રાજકોટ ની જાહેર જનતા ને આ બધી પ્રવૃતિઓનો લાભ લેવા સરગમ ક્લબ ના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા જણાવેલ છે.

# રાજકોટના ઈસ્કોન મંદિરે થર્ટી ફસ્ટની આધ્યાત્મિક ઉજવણી



રાજકોટ,

સામાન્ય રીતે મ્યુઝિક, ડાન્સ અને પાર્ટી દ્વારા ઉજવાતા ૩૧ ડિસેમ્બરને ઈસ્કોન મંદિર રાજકોટ દ્વારા હરે કૃષ્ણ મહામંત્રના કીર્તન, ભક્તિ પૂર્ણ નૃત્ય , આરતી અને પવિત્ર મહાપ્રસાદ દ્વારા આધ્યાત્મિક રીતે ઉજવવામાં આવેલ. રાત્રે ૯ વાગ્યાથી શરૂ થયેલ કાર્યક્રમમાં ભક્તિ રસથી ભરપૂર કીર્તન અને નૃત્ય દ્વારા સમગ્ર મંદિર પરિસર હરે કૃષ્ણાના નાદથી ગુંજી ઉઠયું હતુ. ઈસ્કોન મંદિર રાજકોટના પ્રમુખ વૈષ્ણવસેવા પ્રભુજીની યાદીમાં જણાવ્યાા મુજબ આ અનોખી ઉજવણીમાં શહેરના અનેક શ્રદ્ધાળુઓ, યુવા વર્ગ, મહિલાઓ અને મોટી સંખ્યામાં ભક્તોએ ઉપસ્થિત રહીને ૩૧ ડિસેમ્બ્રની સાચા આધ્યાત્મિક આનંદ સાથે ઉજવણી કરી હતી. રાત્રો બરાબર ૧૨ વાગ્યે ભગવાન શ્રી કૃષ્ણની મહાઆરતી દ્વારા નવા વર્ષનું પાવન સ્વાગત કરવામાં આવ્યું, આ પ્રકારની ઉજવણીને અત્યંત પ્રેરણાદાયક અને મનને શાંતિ આપનારી ગણાવી હતી.